dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

February 2010 For private circulation only Vol. 02 - Issue 27

એજ્યુકેશનનો મૂળ ધાતુ છે - એડયુકેટ. એડયુકેટ એટલે બહાર આણવું, પ્રગટ કરવું, અનાવૃત કરવું. કોને ? તો વિદ્યાર્થીના ચિત્તમાં પડેલી ચેતનાને, સર્જકતાને અનાવૃત કરે, બહાર આણી આપે એનું નામ એજ્યુકેશન.

ઉમાશંકર જોષી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ગુજરાતની અસ્મિતાની વાત જયારે પણ નીકળે ત્યારે સહજ ત્રણ નામ યાદ આવી જાય. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, નર્મદાશંકર લાલશંકર દવે અને કનૈયાલાલ માણેકલાલ મુનશી. ગુજરાતી ભાષાનું પ્રભાત કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યથી ઉઘડે છે. ગુજરાતની અસ્મિતા પ્રગટાવવામાં પ્રથમ, સાહિત્ય સર્જનમાં પ્રથમ, વિદ્વતા અને વિનમ્રતામાં પ્રથમ, ઈતિહાસ દ્રષ્ટિ કેળવવામાં પ્રથમ, સમન્વય દ્રષ્ટિ સર્જવામાં પ્રથમ, સાધુતા, અપાર પ્રસન્નતા અને પવિત્રતામાં પ્રથમ તથા ગુજરાતના સંસ્કારનિર્માણમાં પણ પ્રથમ એવા હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકાતો નથી. ગુજરાતની અસ્મિતા પુનઃ નર્મદની કલમે, ''જય જય ગરવી ગુજરાત, દીપે અરુંણું પરભાત''ના રૂપે અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ઉતરી આવી. અર્વાચીનતાની ઉષા નર્મદ દ્વારા પ્રકટી, આધુનિકતાના પગરણ એને પગલે મંડાયા. સુરત પ્રેમી કવિ નર્મદે સ્વદેશાભિમાન, સ્વાતંત્ર્ય પ્રેમ અને શૌર્યનાં ગીતો ગુજરાતી ભાષામાં સૌથી પ્રથમ વાર લલકાર્યા. અદ્ભુત કલ્પનાશકિતથી રંગાયેલા સુંદર ચિત્રો કોઈ વીર યોધ્ધાને છાજે તેવાં શાબ્દિક દેહથી નર્મદની કલમે ઉતર્યા. ''સહું ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે.'' એ કોઈ માત્ર વીરહાક ન હતી, કવિનું સમગ્ર જીવન ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં ખપી ગયું.

ગુજરાતની અસ્મિતાને પુનઃ ઉજાગર કરનાર અર્વાચીન ભારતના અને વિશેષ કરીને અર્વાચીન ગુજરાતના ઘડવૈયાઓમાં શ્રી કનૈયાલાલ મુનશી અગ્રણીઓમાંના એક છે. નર્મદના અવસાનના એક વર્ષ પછી ૧૮૮૭ના ડિસેમ્બરની ત્રીસમી તારીખે મુનશીનો ભરૂચમાં જન્મ. મુનશીનું જીવન એટલે પ્રબળ પુરુષાર્થીની પ્રવૃત્તિથી, અવિરામ ઉદ્યમનો આલેખ. અવસાન ૧૯૭૨ના ફેબ્રુઆરીની ૮મીએ. ૮૫ થી વધુ વર્ષના દીર્ઘ આયુષ્ય દરમિયાન અંત સુધી પ્રવૃત્તિશીલ રહેલા ક્ષણે ક્ષણ સક્રિય, પોતાની સાહિત્યિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓથી સમકાલીન જાહેર જીવન સાથે એવા ઓતપ્રોત થઈ ગયેલા કે તેમની જીવનકથા વ્યકિતની ન રહેતાં કાળના પ્રજાજીવનના ઈતિહાસનું એક પ્રકરણ બની રહે છે તેવું વિનોદ અધ્વર્યુએ નોંધ્યું છે. મુનશી એક કુશળ વાર્તાકાર, નવલિકાકાર, સામાજિક નવલકથાકાર, નાટયકાર, વિવેચક કરતાં વધારે ખ્યાતિ ઐતિહાસિક નવલકથાઓને લીધે પામ્યા. ગુજરાતના ઈતિહાસના સુવર્ણયુગ સમા સોલંકીયુગનો સાક્ષાત્કાર કરાવવાના પ્રયત્નરૂપે પાંચ નવલકથાઓમાં વિસ્તરતી- 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' તથા 'ભગ્નપાદુકા', ગુજરાતની સાંસ્કૃતિક ચેતનાને જગવે છે.

ગુજરાતની અસ્મિતા અંગે ગુજરાતી સાહિત્ય પરિષદના આશ્રયે ઈ.સ. ૧૯૩૯માં યોજાયેલ શ્રી હેમ સારસ્વત સત્રના અધ્યક્ષીય વ્યાખ્યાનમાં મુનશી જણાવે છે, ''બાળપણમાં મેં Graves of Vanished Empire" એ નામનો લેખ લખ્યો, ત્યારથી પાટણને મેં ગુજરાતની અસ્મિતાનું આધારબિંદુ માન્યું છે. મુનશી સિધ્ધરાજને શૌર્ય અને વ્યવસ્થાનો સ્વામી ગણે છે અને હેમચંદ્રાચાર્યને સાહિત્યના સ્વામી તરીકે સ્થાપે છે જેણે ગુજરાતને કલ્પી, શબ્દમાં ઉચ્ચારી તેને સાહિત્ય વડે સરજી, અસ્મિતા આપી.

''અસ્મિતા'' શબ્દ વિષે મુનશીએ કહયું છે, ''સન ૧૯૧૩-૧૪માં અસ્મિતા શબ્દ... હું યોગસૂત્રમાંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો, ત્યારથી હું તેના પર વિચાર કરું છું અને તેને પોષે તેવી સામગ્રી એકઠી કરું છું. વધુમાં શ્રી મુનશી કહે છે, ''મેં ફરી ફરી કહયું છે તેમ, ગુજરાત પ્રાંત નથી, માત્ર જન સમુદાય નથી, માત્ર સાંસ્કૃતિક વ્યકિત નથી; એ તો પેઢીધર ગુજરાતીઓએ સંકલ્પપૂર્વક સેવેલી, પેઢીએ પેઢીએ નવી સિધ્ધિ પામતી, સામુદાયિક ઈચ્છા શકિતએ સબળ બનેલી જીવન ભાવના છે. એ ભાવનાનું તીવ્ર ભાન તે ગુજરાતની અસ્મિતા. એ અસ્મિતા હેમચંદ્રાચાર્યની કલ્પનામાં પ્રગટી છે જેમ બ્રહ્માના માનસમાંથી સરસ્વતી

પ્રગટી હતી તેમ." આથી તેઓ દ્રઢતાપૂર્વક સ્પષ્ટ અભિપ્રાય આપે છે, "ગુજરાત વિસ્તરે છે જયાં ગુજરાતીઓ પોતાની ઈચ્છાશકિત અને સંકલ્પબળથી એને સર્જે છે ત્યાં."

મુનશી ભારતીય વિદ્યા ભવનના કુલપતિ હતા ત્યારે એમના મિત્રો, સાથીઓ તથા નવયુવાન વિદ્યાર્થીઓને સંબોધીને લખેલા પત્રો એટલે 'કુલપતિના પત્રો'. આ પત્રોનો વ્યાપ અને ઊંડાણ વિશ્વચેતનાને સ્પર્શે છે. એપ્રિલ ૨૬ ૧૯૭૦ના પત્રમાં યુનિવર્સિટીના કાર્ય અંગે ચિંતન કરતાં દર્શાવે છે :

"હું વારંવાર ભારપૂર્વક કહેતો આવ્યો છું કે યુનિવર્સિટીઓનાં ત્રણ પ્રધાન કર્તવ્યો છે : બુધ્ધિ, હૃદય અને સમૂહ ભાવનાનો વિકાસ કરવો. પહેલું કર્તવ્ય જ્ઞાન આપવાનું અને એ દ્વારા બુધ્ધિ વિકાસ સાધવાનું; બીજું, જીવનનાં મૂલ્યો સમજવાનું ને તેને જીવનમાં ઉતારવાનું; અને ત્રીજુ, કર્તવ્ય સમૂહ શકિત પ્રાપ્ત કરી વિશાળ માનવજીવનના એક અંગરૂપ બની રહેવાનું. આપણા વિદ્યાધામોમાં પહેલી વસ્તુ ઉપર ધ્યાન અપાય છે, બીજીની અવગણના થાય છે અને ત્રીજી વસ્તુ વિશે કોઈને કશી ખબર નથી. ત્રીજી વસ્તુ મારે મન સૌથી મહત્વની છે. આપણા વિદ્યાધામો સમૂહજીવન, સમૂહશકિત અને સમૂહભાવનાથી ધબકતાં આશ્રમો બની જવાં જોઈએ."

શ્રી મુનશીના મતે યુનિવર્સિટી એટલે એવું સ્થળ - "જયાં શ્રધ્ધા અને દ્રષ્ટિસંપન્ન માનવીઓ પોતાને સમજાયેલાં સત્યોને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે; જયાં વિચાર, વાણી અને વર્તનથી સ્નેહ-સમભાવપૂર્વક વિદ્યાર્થીઓને નૈતિક શિસ્ત તરફ વાળી તેમના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ કરવામાં ને તેની સિધ્ધિ માટેના રચનાત્મક કાર્યો કરવામાં આવે; જયાં સ્વાર્થનું વિસર્જન કરી સર્વકલ્યાણની ભાવના પ્રગટ કરવામાં આવે; અને જયાં એ કાર્યો દ્વારા જીવન પરિવર્તનની શકિત પ્રગટે ને ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક અભ્યુદયને માર્ગે સર્વને પ્રેરવામાં આવે. ...આ શકિત પ્રાપ્ત કરવાની ચાવી જીવનમૂલ્યોની સ્થાપના છે. એથી ઈષ્ટ-અનિષ્ટનો વિવેક પ્રગટશે, સાચું ને ખોટું પારખવાની શકિત વિકસશે, ને સત્યના સ્વીકાર અને અસત્યના ત્યાગની સૂઝ આવશે. પરિણામે શકિતનું ઉપયોગી અને યોગ્ય શકિતમાં રૂપાંતર થશે ને આધ્યાત્મિક બળ મળતાં રચનાત્મક પ્રવૃત્તિ તરફ વિદ્યાર્થી આપોઆપ વળશે. ...સામાજિક સ્તર ઉપર આ કામ ઉપાડવા સિવાય આપણી પાસે બીજો માર્ગ નથી. આપણો ચિરંતન સંદેશ છે કે : 'જ્ઞાન આચરણથી ચઢે; એકાગ્રતા જ્ઞાનથી ચઢે; પણ એકાગ્રતાથી ય એકાગ્રચિત્તે કરેલું કાર્ય ચઢે.' એ દ્વારા જ અખૂટ શકિત સંપાદન કરી આપણે આપણા ધ્યેયને હાંસલ કરી શકીશું."

સામૂહિક સ્તર પર વિદ્યાર્થીઓનું નવ ઘડતર કરતી વખતે નીચેની વસ્તુઓ ધ્યાનમાં લેવા શ્રી મુનશી જણાવે છે : (૧) વિદ્યાર્થીઓના માનસિક જુસ્સાને અને શારીરિક તાકાતને વિકસાવવી જેથી અવિશ્રાંત શ્રમ ઉઠાવવા છતાં જીવન જીવવાનો ઉત્સાહ ટકી રહે. (૨) એમનામાં સર્વનો આદર કરવાની ભાવના વિકસવી જોઈએ. સ્વાર્થથી પર રહેલાં જીવનમૂલ્યો તેમના જીવનમાં વણાઈ જવાં જોઈએ. (૩) પ્રમાણિકતાપૂર્વક કામ કરી આર્થિક પાયો મજબૂત કરી જીવન જરૂરિયાત મેળવી લેવાની યોગ્યતા તેમને મળી રહે. (૪) એમના વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ કરવો. સત્ય ને ન્યાયને માટે મરી ફીટવા તેઓ તૈયાર રહે અને એમની સઘળી શકિતનો તેઓ લોકસંગ્રહ માટે ઉપયોગ કરે ને પોતાના આત્માની ઉન્નતિ કરે.

તા. ૧ લી મે ૧૯૬૨ના પત્રમાં તેઓ તરૂણોની સમસ્યા અને ધર્મભાવના વિશે જણાવે છે કે, "કેળવણીનો સાચો ઉદ્દેશ યથાર્થ રીતે ધાર્મિક કહી શકાય. એવાં સત્ય, સમર્પણ, સંશુધ્ધિ વગેરે મૂલ્યો પ્રત્યે નિષ્ઠા કેળવવાનો છે. આજે શાળા-કોલેજોમાં 'બિન-સાંપ્રદાયિક' કેળવણીને નામે જે કંઈ શીખવવામાં આવે છે એમાં આવાં ધાર્મિક મૂલ્યો કે બીજાં કોઈ જ મૂલ્યો હોતાં નથી. આથી યુવક-યુવતીઓ આગળ કોઈ આદર્શ ઊભો થતો નથી. આ કેળવણી તેઓને લાલસા કે આનંદ પાછળ દોડતાં કરી મૂકે છે અને તેઓમાં જીવનની નિરર્થકતાની લાગણી વિકસાવે છે. ...ધર્મ એ લાલસા કે સુખને શોધનારો જીવનમાર્ગ નથી. ધર્મનો માર્ગ તો સર્વ સમર્પણ અને સંશુધ્ધિનાં મૂલ્યોને ધારણ કરે છે. જો આપણે આ મૂલ્યોને નિષ્ઠાપૂર્વક જાળવી રાખીએ, એટલે કે ધર્મભાવના વિકસાવીએ તો જ આ જીવનમાર્ગ આપણો બની શકે. કેવળ ધર્મ દ્વારા જ મૂલ્યોને નિષ્ઠાપૂર્વક જાળવવાનું શકય બને છે."

છેલ્લે, મુનશીએ ભારત વિશેની જાગૃતિ તેમનામાં કેવી રીતે વિકસી તેની વાત કરતાં તેઓ લખે છે. "હું વડોદરા કોલેજમાં ભણતો હતો ત્યારે શ્રી અરવિંદ ઘોષ અમારા અંગ્રેજીના પ્રાધ્યાપક હતા અને તેઓનાં પ્રવચનોમાં વિવેકાનંદ અને બંકિમચંદ્ર ચેટરજીએ કલ્પેલી ભારતમાતાની મૂર્તિનું પ્રતિબિંબ અમે સ્પષ્ટ જોઈ શકતા હતા. શ્રી અરવિંદને એકવાર મેં પૂછયું : " અમે અમારા દેશની સેવા કઈ રીતે કરી શકીએ ?" તેઓ મને ભારતના નકશા તરફ દોરી ગયા અને કહયું : "નવયુવાન, તારે જો ભારતની સેવા કરવી હોય તો તેના માતૃરૂપનું ધ્યાન ધર - તેની ભૂમિ, પર્વતો અને સરિતાઓ માતાનો દેહ બનાવે છે; આ ભૂમિમાં વસતા કરોડો લોકો તેની જીવન રકતવાહિનીઓ છે; યુગોથી ઘડાતી આવેલી આ સંસ્કૃતિ એ તેનો આત્મા છે. માતાનું આ રૂપે ધ્યાન ધરો અને માતૃભૂમિની કઈ રીતે સેવા કરવી એ તમને સમજાઈ શકશે." એ વેળાએ અમને ઘણાને લાગતું, આજેય ઘણાને હજી એમ જ લાગે છે - કે ભારત લાખો માઈલમાં વિસ્તરેલો અને વધુ પડતી વસતીવાળો અર્ધવિકસીત દેશ છે. પણ અમને એ ક્ષણે પ્રતીતિ થઈ કે ભારત એ માતા છે - તેની પૂજા અને સેવા કરવી ઘટે અને અવસર આવે તેના માટે પ્રાણાર્પણ કરવા તૈયાર રહેવું ઘટે.'

ગુજરાતની અસ્મિતાનો મંત્ર ઘેર ઘેર ગુંજતો કરનાર નર્મદના ઉત્તરાધિકારીને વંદન.

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Alumni meet - DBIM



An Alumni Meet of the MBA Programme participants belonging to the Batches that passed out in the years1984 and 1985 was held at the Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, on January 2, 2010. The silver jubilee celebrations began with a bunch of 21 enthusiastic alumni visiting the site where the construction of the new building of the Department is in progress, followed by a visit to the hostels at the University where they had spent two years. The nostalgic group then visited the Department along with their spouses and some accompanied by their children. This was followed by a formal function presided over by the Hon'ble Vice- Chancellor Prof. (Dr.) B. A. Prajapati and Alumni also belonging to other batches. The Alumni came from different parts of the country as well as abroad.



## DBIM Alumni at a glance : 1984-85 Batch



**Dr. Renuka Garg**
Prof. & Head DBIM
VNSGU, Surat



**Mr. Fredi Rusi Zaveri**
Reader, DBIM
VNSGU, Surat



**Mr. Kishor Jhala**
GM - Gujarat Co. Op. Milk Marketing Federation, Amul



**Mr. Suresh Menon**
Sr. GM Policy Implementation & Process Monitory HDFC Ltd.



**Mr. Batukchandra Desai**
Sr. Regional Manager
HPCL, Ayodhyanagari



**Mr. Athul Shah**
Chief Manager,
ICICI Bank



**Mr. Samir Mankad**
Exe-Director
GSEC Ltd., A'bad



**Mr. Conrad D'souza**
Sales General Manager
HDFC Ltd., Mumbai



**Mrs. Asha D'souza**
Dy. Vice President
HDFC, Ltd., Mumbai



**Jasmine M. Kavina**
Chief Manager
GNFC, Bharuch



**Mr. Sashikant K. Rana**
Proprietor



**Mr. Rajesh Patel**
Owner, Dhanraj Inc., USA



**Mr. Falgun Jariwala**
Financial Advisor
LPL Financial, USA



**Mr. Sanjiv Bhatia**
Chief Manager
ONGC, Mumbai



**Mr. Bipin Jadeja**
Proprietor, Quality Circle



**Mr. Shantanu Pandit**
Consultant, Mumbai



**Mr. Apoorva Padhya**
Dy. Exe-Engineer,
GSEC Ltd., Ukai



**Mr. Salil Kulkarni**
MD, Sigma Packaging Pvt. Ltd.



**Mr. Sunil Munsif**
V.P., Capgemini, UK



**Mr. Suresh Saraf**
MD, Saraf Foods Ltd.



**Mr. Sarabjit Singh**
Country Head, Paramount Pictures Ltd., Mumbai

## વ્યાખ્યાન




તા. ૦૫-૦૨-૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ ઉપરાંત શિક્ષણ વિદ્યાશાખાના ડીન ડૉ. આર.એસ. પટેલે શૈક્ષણિક સંશોધનોનો શિક્ષણ-પ્રશિક્ષણમાં વિનિયોગ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે.આર. મહેતા પણ ઉપસ્થિત રહયા હતા.

યુનિવર્સિટીના કમ્પ્યૂટર વિજ્ઞાન ભવનમાં યોજાયેલ આ વ્યાખ્યાનમાં અધ્યાપકો, ભગવાન મહાવીર વેસુના એમ.એડ્., બી.એડ્.ના તાલીમાર્થીઓ પણ ઉપસ્થિત રહયા હતા. શિક્ષણ વિભાગની તાલીમાર્થી બહેનોએ પ્રાર્થના રજૂ કરી હતી. શિક્ષણ વિભાગના પ્રોફેસર અને કાર્યકારી અધ્યક્ષ ડૉ. જી.એસ. પરમારે આવકાર અને પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને પુષ્પગુચ્છથી પ્રમુખ વકતા ડૉ. આર.એસ. પટેલ, કુલપતિશ્રી અને કુલસવિચશ્રીનું સ્વાગત કર્યું હતું. ડૉ. આર.એસ. પટેલનો પરિચય શિક્ષણ વિભાગનતા એસોસિએટ પ્રોફેસર ડૉ. રાયસિંગ ચૌધરીએ આપ્યો હતો. ડૉ. આર.એસ. પટેલે વ્યાખ્યાનમાં નિર્દેશ કર્યો હતો કે પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીની વિશેષતા વિદ્યાર્થીઓને ભણાવવા કરતા ભણતા કરવાના છે. હાલમાં અધ્યયન-અધ્યાયનની પદ્ધતિઓ અને ઉપકરણોમાં પરિવર્તનો લાવવાની આવશ્યકતા જણાય છે. શિક્ષકોએ વર્ગખંડોના અધ્યાપન કાર્યને વિશેષ ગુણવત્તાપૂર્ણ બનાવવા અર્થે અધ્યાપનની વિશેષ પૂર્વ તૈયારી કરવી જોઈએ. તેમણે ઘણાં સંશોધનોના ઉદાહરણો પૂરાં પાડયાં હતાં. અધ્યક્ષ સ્થાનેથી કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિએ બી.એડ્. કક્ષાએ અપાતી તાલીમને પૂર્વનિર્ધારિત માળખામાંથી બહાર આવીને વિશેષ મૌલિક અને વૈજ્ઞાનિક, સઘન બનાવવાનું સૂચન કર્યું હતું. આ ઉપરાંત કુલપતિશ્રીએ શિક્ષણશાસ્ત્રમાં થતાં સંશોધનોને વિશેષ ગુણવત્તાપૂર્ણ બનાવવાનું સૂચન પણ કર્યું હતું.

શિક્ષણ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. ઉમ્મેદ સિંધે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. એકંદરે કાર્યક્રમ તાલીમાર્થીઓ માટે ખૂબ જ આવકારદાયક પ્રેરક અને રસપ્રદ રહયો હતો. કાર્યક્રમનું સંચાલન શિક્ષણ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. રાયસિંગ ચૌધરીએ કર્યું હતું.

તુલનાત્મક સાહિત્ય વિભાગમાં યુ.જી.સી.ની એક્ષ્ચેન્જ ઓફ ટીચર્સની યોજના હેઠળ વિવિધ યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપકોના વિવિધ વિષયો વિશે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. વિભાગના અધ્યક્ષ ડૉ. દમયંતીબેન પરમારે વ્યાખ્યાનશ્રેણીના આરંભે વકતાશ્રીઓનો પરિચય આપ્યો હતો તથા વ્યાખ્યાનશ્રેણીનો હેતુ અને વિષયોનું મહત્ત્વ સમજાવ્યું હતું. તા. ૭-૧૦-૨૦૦૯ના રોજ સ્ટાફ એકેડેમી કોલેજ, અમદાવાદના ડિરેકટરશ્રી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ : “અનુવાદ અને તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્વ”, તા. ૯-૧૨-૨૦૦૯ ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરનાં ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. નરેશ વેદ : “ભારતીય સાહિત્યની વિભાવના અને ભારતીય સમાજ અને સંસ્કૃતિ”, તા. ૨૨-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના હિન્દી વિભાગના રીડર ડૉ. આલોક ગુપ્તા : “સાહિત્ય અને સંસ્કૃતિનાં સંદર્ભે મુનશી પ્રેમચંદ કૃત ‘ગોદાન’’, તા. ૩૧-૧૨-૨૦૦૯ના રોજ એમ.એસ. યુનિ., વડોદરાના ગુજરાતી વિભાગના રીડર ડૉ. ભરત મહેતા : “સામાજિક શોષણ અને રઘુવીર ચૌધરી રચિત ‘ઈચ્છાવર’ ”, તા. ૨૯-૧-૨૦૧૦ના રોજ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. નૂતન જાની : “જયવંત દળવી રચિત નવલકથા ‘મહાનંદા’ અને શોષણ” અને તા. ૨-૨-૨૦૧૦ના રોજ એમ.એસ. યુનિ., વડોદરાના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. નીતા ભગત : “કાલિન્દીચરણ પાણિગ્રહી કૃત ઉડિયા નવલકથા ‘માટિર મણિસ’ અને ભારતીય નવલકથાઓ” વિષય પરનાં વ્યાખ્યાનો યોજાઈ ગયાં.

પ્રત્યેક વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરી થઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ તથા અધ્યાપકોએ ભાગ લીધો હતો. પ્રા. મુકેશ વસાવા, પ્રા. મનીષ પટેલે તથા કુ. શીતલ હિરપરાએ આભારદર્શન કર્યું હતું.

## રમત-ગમત : ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દિન પ્રતિદિન રમતગમત ક્ષેત્રે અખિલ ભારતીય યુનિવર્સિટીઓમાં અનેકવિધ સિધ્ધિઓ અને વિક્રમ અંકિત કરી રહી છે. જે બદલ રમતગમત પ્રોત્સાહક કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ યશ શિલ્પી અને અભિનંદનીય બને છે. કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન પ્રિ. ડૉ. વિનોદ પટેલ અને બોર્ડ ઓફ સ્પોર્ટસ મેમ્બર અને સ્પોર્ટસ ડાયરેકટર શ્રી પોલ ડેવિડ અભિનંદનને પાત્ર છે. યુનિવર્સિટીનાં ઈતિહાસમાં સૌ પ્રથમવાર યુનિવર્સિટીની બેડમીંટન (બહેનો)ની ટીમે ઓલ ઉન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી બેડમીંટન ટુર્નામેન્ટમાં તૃતિયક્રમ (કાંસ્ય ચંદ્રક) અને વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીની ૫૦ યુનિવર્સિટીમાં મુંબઈને હરાવી ચેમ્પીયન ઓફ ચેમ્પીયન બનવાનું બહુમૂલ્ય બહુમાન (સુવર્ણ ચંદ્રક) પ્રાપ્ત કર્યું છે. આમ યુનિવર્સિટીની આ ટીમે કાંસ્ય ચંદ્રક અને ચેમ્પીયન બનવાની બેવડી સિધ્ધિ અંકિત કરીને ઈતિહાસ સર્જયો છે. યુનિવર્સિટી કેપ્ટન ઈન્ટર નેશનલ સ્કુલ ગેઈમ્સના ઈન્ડિયન ખેલાડી કુ. વૈશાલી બારીઆ (નર્મદા કોલેજ, ભરૂચ) પ્રમુખ આકર્ષણ બની ગઈ હતી. જેણે વેસ્ટઝોન અને ઓલ ઈન્ડિયાની મેચોમાં અનબીટન રહેવાની અકલ્પનીય સિધ્ધિ પણ પોતાને નામે અંકિત કરીને પ્રતિભાને ઉજ્વળ કરી છે. કુ. વૈશાલીના સહકારમાં કુ. પ્રેરણા પટેલ (બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ), કુ. કૃતિકા પરદેશી (એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ), કુ. મેગ્ના બિસ્વાસ (એસ.આર.આઈ.સી.ઈ. કોલેજ, સુરત)નું યોગદાન ઉત્કૃષ્ટ રહયું.

રાની દુર્ગાવતી વિશ્વ વિદ્યાલય, જબલપુર ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પીયનસીપમાં પ્રો. કે.એસ. ચૌહાન (નર્મદા કોલેજ, ભરૂચ) અને શ્રી કે.બી. મહેરા (સ્ટેટ ચેમ્પીયન) એ અનુક્રમે મેનેજર અને કોચ તરીકે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમનો જવલંત દેખાવ જોઈને યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડ મેગ્લોર ખાતેની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં મેનેજર અને કોચ તરીકે પ્રો. કે.એસ. ચૌહાણે કામગીરી બજાવી હતી.

## NATIONAL SEMINAR



[From left: Dr. B.A.Prajapati, Honorable Vice-Chancellor, V.N.S.G. University, Surat, Mr. S. Velchamy, Deputy General Manager, H.R., ONGC, Hazira, Mr. C Satish, General Manager, Finance, ONGC, Hazira, Dr. Subadra Ragothaman, Professor and Head, Department of Economics, V.N.S.G. University, Surat, Dr. Gaurang Rami, Organsing Secretary of the National Seminar on CSR.]

As a part of decennial celebration of successful completion of Master of Business Economics [M.B.E.] programme, Department of Economics, Veer Narmad South Gujarat University has organised National Seminar on Corporate Social Responsibility [C.S.R.] on 7th February 2010 at the university premises.



About 200 delegates have participated in the seminar nationwide; out of which 45 participants have presented their research paper on various themes related to corporate social responsibility in three different technical sessions. The three technical sessions were focusing on the method to evaluate the performance of companies on CSR, and case studies of various corporate. Dr. Renuka Garg, Mr. Sanjiv Shah and Dr. B.V.Acharya were the chairmen of the three technical sessions.

In the inaugural session, Dr. Subadra Ragothaman after welcoming the delegates introduced the subject of CSR and outlined the course of M.B.E. to the delegates. Honorable Vice chancellor Dr. B.A.Prajapti, V.N.S.G. University, Surat had given inaugural address and in his speech he explained the relevance and need of CSR in the present age. Mr. C.Satish, General Manager, Finance, ONGC, Hazira and Mr. S. Velchamy, Deputy General Manager, H.R., ONGC, Hazira had given brief overview of C.S.R. activities carried out by ONGC, Hazira during last 10 years. Vote of thanks was proposed by Organising secretary of the seminar Dr. Gaurang Rami. Does corporate social responsibility is an alternative to government initiatives? On this topic a panel discussion was organized. Mr. Ajay Bhattacharya [Chamber of commerce, Surat], Dr. P.K.Bhatt [Economist], Dr. Renuka Garg [Professor and Hear, D.B.I.M., V.N.S.G.University, Surat], Mr. Hemant Shah [Professor of Economics, Ahmedabad], Mr. S.Velchamy [D.G.M., H.R., ONGC, Hazira] and Mr. Umesh Sharma [Senior Vice-president, Microinks Pvt. Ltd., Vapi] were the panelist. An interesting debate followed which ended with an emphasis on the necessity of both corporate and the government to complement each other in taking the society forward.

## સ્વર્ણિમ ગુજરાત

ગુજરાત રાજયની ૫૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે સપ્તધારા યોજના અન્વયે રાજય કક્ષાનો મહોત્સવ તા. ૨૮ થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૦ દરમ્યાન વિદ્યાનગર મુકામે યોજાયેલ હતો. જેમાં દક્ષિણ વિભાગમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નીચેના વિદ્યાર્થીઓ મોખરે રહયા હતા. યુનિવર્સિટીની પ્રત્યેક ટીમો રાજયકક્ષાએ પ્રથમ અને દ્વિતીય વિજેતા રહી છે. અભિનંદન.

**ખેલકૂદ – વ્યાયામ ધારા**

**૧. ટેબલ ટેનીસ સીંગલ્સ (ભાઈઓ)** પ્રથમ : સોલંકી હાર્દિક (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા) દ્વિતીય : ભંડારી ભૂમીન (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા) તૃતીય : બજાજ આશીષ (એસ.બી.પી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત) **૨. ટેબલ ટેનીસ સીંગલ્સ (બહેનો)** પ્રથમ : ચીપીયા ઝેના (એસ.બી.પી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત) દ્વિતીય : રાવ શ્રુતિ (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) **૩. ટેબલ ટેનીસ ડબલ્સ (ભાઈઓ)** પ્રથમ : સોલંકી હાર્દિક, ભંડારી ભૂમિન (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા) દ્વિતીય : બજાજ આશીષ, જેલની જુલફીર (એસ.બી.પી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત) **૪. ટેબલ ટેનીસ ડબલ્સ (બહેનો)** પ્રથમ : રાવ શ્રુતિ, વૈદ્ય જેની (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) દ્વિતીય : ચીપયા ઝેના, ગજ્જર મોની (એસ.બી.પી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ, સુરત) **૫. યોગા (ભાઈઓ)** દ્વિતીય : મોરાડીયા ચિરાગ (આર. વી. પટેલ કોલેજ, સુરત) **૬. ચેસ (ભાઈઓ)** દ્વિતીય : વેકારીયા શ્યામલ (સિધ્ધાર્થ લૉ કોલેજ, ખોલવડ) તૃતીય : ચીનાવાલા નીમેષ (ડી. આર. પટેલ કોલેજ, સુરત) **૭. ખોખો (ભાઈઓ)** પ્રથમ : સી.પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા. તૃતીય : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. **૮. ખોખો (બહેનો)** પ્રથમ : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. દ્વિતીય : સી.પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા. **૯. વોલીબોલ (ભાઈઓ)** પ્રથમ : નવયુગ કોમર્સ કોલેજ, સુરત. **૧૦. વોલીબોલ (બહેનો)** પ્રથમ : ઝેડ.એફ. વાડીયા વિમેન્સ કોલેજ, સુરત. **૧૧. કબડ્ડી (ભાઈઓ)** પ્રથમ : નવયુગ કોમર્સ કોલેજ, સુરત. **૧૨. કબડ્ડી (બહેનો)** દ્વિતીય : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા

**એથ્લેટીકસ**

**૧. ૧૦૦મી. (બહેનો)** પ્રથમ : ગામીત નીમીષા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૨. ૨૦૦ મી. (બહેનો)** પ્રથમ : ગામીત નીમીષા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૩. ૪૦૦ મી. (ભાઈઓ)** દ્વિતીય : ખલાસી કપીલ (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) **૪. ૪૦૦ મી. (બહેનો)** પ્રથમ : ચૌધરી નર્મદા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) દ્વિતીય : ગામીત અમીષા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) તૃતીય : ગામીત હીના (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૫. ૮૦૦ મી. (ભાઈઓ)** દ્વિતીય : ખલાસી કપીલ (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) **૬. ૮૦૦ મી. (બહેનો)** પ્રથમ : ચૌધરી નર્મદા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૭. ૧૫૦૦ મી. (ભાઈઓ)** પ્રથમ : ગામીત યુસુફ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા), દ્વિતીય : ગામીત કેતુલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા), તૃતીય : વસાવા કૃણાલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૮. ૧૫૦૦ મી. (બહેનો)** પ્રથમ : ચૌધરી નર્મદા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) દ્વિતીય : ગામીત મનિષા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) તૃતીય : વસાવા અંજના (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૯. લાંબો કુદકો (બહેનો)** પ્રથમ : ગામીત નીમીષા (આર્ટસ એન્ડ કોમર્સ

કોલેજ, વ્યારા) તૃતીય : ચૌધરી રક્ષા (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) **૧૦. ઉંચો કુદકો (ભાઈઓ)** દ્વિતીય : પટેલ બીપીન (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) **૧૧. ચક ફેંક (ભાઈઓ)** દ્વિતીય : જૈન પારસ (એમ.કે. લો કોલેજ, ભરૂચ) **૧૨. ચક ફેંક (બહેનો)** પ્રથમ : મૈસુરીયા હિતાક્ષી (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) તૃતીય : કાકડીયા ધારા (ઝેડ.એફ. વાડીયા વીમેન્સ કોલેજ, સુરત) **૧૩. બરછી ફેંક (ભાઈઓ)** પ્રથમ : ગામીત મુકેશ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૧૪. બરછી ફેંક (બહેનો)** દ્વિતીય : મૈસુરીયા હિતાક્ષી (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા) **૧૫. ગોળા ફેંક (ભાઈઓ)** પ્રથમ : જૈન પારસ (એમ.કે. લો કોલેજ, ભરૂચ) **૧૬. ગોળા ફેંક (બહેનો)** તૃતીય : મૈસુરીયા હિતાક્ષી (સી. પી. ડીગ્રી કોલેજ, રાજપીપળા)

**કલા કૌશલ્ય ધારા**

**૧. શીઘ્ર પોસ્ટર.** દ્વિતીય : ટંડેલ પરીમલ (જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ) **જ્ઞાન ધારા : ૧. ડીબેટ :** પ્રથમ : રાઠોડ ધર્મિષ્ઠા (રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા), રાવલ વિરલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી) **નાટ્ય ધારા : ૧. એક પાત્રીય અભિનય :** દ્વિતીય : ઠાકુર જાનકી (બી.આર.સી.એમ. કોલેજ, સુરત) **૨. એકાંકી.** દ્વિતીય : (એસ.પી.બી. કોલેજ, સુરત)

**ગીત–સંગીત–નૃત્ય ધારા**

**૧. લોકગીત :** પ્રથમ : જોષી ભાવી (આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા) **૨. લોકનૃત્ય :** દ્વિતીય : (સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા) તૃતીય : (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) **૩. હળવુ કંઠય :** દ્વિતીય : વઘાસીયા ભાવેશ (વી.બી. શાહ ઈન્સ્ટીટયૂટ ઓજી સેલ્ફ ફાયનાન્સ, અમરોલી) **૪.સમુહ ગીત :** તૃતીય : (જયેન્દ્ર પુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ) **૫. શાસ્ત્રીય વાધ્ય :** પ્રથમ : પટેલ વ્યોમેશ (જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ) **૬. શાસ્ત્રીય કંઠય :** પ્રથમ : જહોન વીના (આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા) દ્વિતીય : વઘાસીયા ભાવેશ (વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓજી સેલ્ફ ફાયનાન્સ, અમરોલી) **૭. શાસ્ત્રીય નૃત્ય :** તૃતીય : મૃગા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ)

**સર્જનાત્મક અભિવ્યકિત ધારા**

**૧. પાદપૂર્તિ :** પ્રથમ : ચૌધરી રોશન (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી) તૃતીય : પટેલ સરવાણી (જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ) **૨. નવલિકા લેખન :** પ્રથમ : સોલંકી હર્ષીતા (આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજયુકેશન, વાપી)

## પીએચ.ડી.



રસાયણશાસ્ત્ર વિભાગના પ્રા. શ્રીમતિ તરૂલતાબેન એન. છોવાલાએ રસાયણ શાસ્ત્ર વિભાગના પૂર્વ હેડ અને પ્રો. ડૉ. કે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ અકાર્બનિક રસાયણશાસ્ત્ર વિષયમાં "સીન્થેસીસ એન્ડ સ્ટડીઝ ઓફ મેટલ કોમ્પલેક્ષ બેઝ્ડ એન્ટિટીસ એઝ ડાઈઝ, એનાલીટીકલ રિએજન્ટ એન્ડ એન્ટી-બેકટેરિયલ એજન્ટ" પર સંશોધન નિબંધ પ્રસ્તુત કરેલ. જેને યુનિવર્સિટીએ માન્ય કરીને પીએચ.ડી. પદવી એનાયત કરી છે. અભિનંદન. વધુમાં, તેમણે ચીનમાં બીજી એશિયન કોન્ફરન્સ સોનડોંગ ખાતે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ગ્રીન કેમેસ્ટ્રીની નેશનલ કોન્ફરન્સ અને એસ.વી.એન.આઈ.ટી., સુરતમાં શોર્ટટર્મ એડવાન્સ્ડ ઈન્સ્ટ્રુમેન્ટલ મેથડ ઓફ એનાલીસીસ ટ્રેનીંગ પ્રોગ્રામમાં પણ ભાગ લીધેલ.

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

ડાયરેક્ટર ઓફ હ્યુમન ડેવલપમેન્ટ, ગુજરાત સરકાર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને અંબાબા કોમર્સ કોલેજ, એમ.આઈ.બી.એમ. અને બી.સી.એ કોલેજ સાબરગામના ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાતનાં સંદર્ભમાં "ભારતમાં ગરીબી નિવારણમાં માનવ વિકાસની ભુમિકા" વિષય ઉપર આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા તા. ૫-૧-૨૦૧૦ના રોજ સાબરગામમાં યોજાઈ ગઈ. જેમાં સુરત અને તાપી જીલ્લાની ૧૮ કોલેજોએ ભાગ લીધો હતો. જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજની વિદ્યાર્થિની કુ. આશા જી. ચોવટીયાએ પ્રથમ, જે.બી. ધારૂકાવાલા કોલેજની વિદ્યાર્થિની કુ. કિષ્ના લુભાણીએ દ્વિતીય, અને જે.ડી. ગાબાણી કોલેજની વિદ્યાર્થિની કુ. કૈલાસ સિધ્ધપુરાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. અંબાબા કોમર્સ કોલેજની વિદ્યાર્થીની કુ. પાયલ ભીખડીયા અને કુ. કિંજલ સ્વરાએ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું. આ સ્પર્ધા માટે અનુદાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત થયું હતું. અર્થશાસ્ત્રના નિવૃત રીડર શ્રી એમ. બી. દવે તેમજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. કીર્તીબેન ઝંખારીયા અને એમ.એચ.આર.ડી. વિભાગના રીડર ડૉ. ડી. જી. ઠાકોર રહયા હતા. વિજેતાઓને નિર્ણાયકો તથા ડૉ. જે.જી. પરમારના હસ્તે રોકડ ઈનામ, સ્વામી વિવેકાનંદના પુસ્તકો અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કો-ઓપ. બેંક કોમર્સ કોલેજ, સુરત દ્વારા સાંસ્કૃતિક સમિતિ અને ગીત-સંગીત નૃત્ય ધારાના સંયુકત ઉપક્રમે 'સ્વર્ણિમ ગુજરાત અભિયાન' હેઠળ સુરત જીલ્લા આંતર કોલેજ ગુજરાતી ગીત સ્પર્ધાનું આયોજન તા. ૨૩-૧૨-૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં સુરત જીલ્લાની વિવિધ કોલેજોના કુલ ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે 'સ્વર્ણિમ ગુજરાત અભિયાન', સુરત જીલ્લાના કો-ઓર્ડીનેટર તથા સર કે.પી. કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. યુ.ટી. દેસાઈ ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં સુરત અને સમગ્ર ગુજરાતના જાણીતા સંગીત તજજ્ઞો શ્રીમતી ચેતનાબેન શેલત, શ્રી સત્યેનભાઈ જરીવાલા તથા શ્રી સુનીલભાઈ રેવરે નિર્ણાયક તરીકે સેવા બજાવી હતી. પધારેલા સૌ મહેમાનોનું ઈ.ચા. આચાર્યશ્રી મેહુલભાઈ દેસાઈ તથા સ્ટાફમિત્રો દ્વારા પુષ્પગુચ્છ વડે અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ શ્રી કાપુરે રાજેશકુમાર જે. (ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી), દ્વિતીય કુ. ગામીત દિવ્યા જે. (કામરેજ કોલેજ) અને તૃતિય શ્રી વઘાસિયા ભાવેશ કે. (પ્રો. વી.બી. શાહ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કોલેજ, અમરોલી) વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આશ્વાસન ઈનામ કુ. પટેલ મનાલી કે. (સર પી.ટી. સાયન્સ સાર્વજનિક કોલેજ) અને કુ. બલસારી પ્રેયસી (નવનિર્માણ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, સુરત)ને આપવામાં આવ્યા હતા.

તા. ૩-૧૨-૨૦૦૯ના રોજ નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં "સ્વર્ણિમ ગુજરાત"ની જ્ઞાનધારા હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. જયેશભાઈ દેસાઈએ "વિષ્ણુસહસ્ત્રનામઃ એક અદ્દભૂત કૃતિ" વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ "ઓરાથેરાપી" સહિત અનેક પ્રશ્નો પુછી જિજ્ઞાસા તૃપ્ત કરી હતી.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરત દ્વારા સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ અંતર્ગત સામૂદાયિક સેવા ધારા હેઠળ તા. ૪-૧-૧૦ અને તા. ૫-૧-૧૦ના રોજ જૈન ઓપ્ટીકલ્સના સૌજન્યથી યોજાયેલ આંખ તપાસ

શિબિરમાં ૨૦૦ વિદ્યાર્થીઓની આંખના વિવિધ રોગો તેમજ નંબરની તપાસ કરવામાં આવી હતી. શિબિર દરમ્યિના આંખના નિષ્ણાત ડૉ. જયોતિબેન પટેલે આંખ સંબંધિત રોગો અંગે તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તદ્‌પરાંત તા. ૫-૧-૧૦ના રોજ નજીકમાં આવેલ બોમ્બે કોલોનીમાં રહેતા શ્રમિક પરિવારોની આંખની તપાસ જૈન ઓપ્ટિકલ્સના શ્રી દિનેશભાઈ દ્વારા કરવામાં આવી. આ લોકોને આંખનું મોતિયાનું વિના મૂલ્યે ઓપરેશન કરાવી આપવા જણાવી ઉત્તમ સામાજીક સેવાનું ઉદાહરણ પુરૂ પાડયું છે. જરૂરિયાતમંદને મફત ચશ્મા અને જરૂરી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં તા. ૨૧-૧૨-૨૦૦૯ના રોજ સ્વર્ણિમ ગુજરાતની 'સર્જનાત્મક અભિવ્યકિતધારા'ના ઉપક્રમે જિલ્લાકક્ષાની 'વાર્તાશિબિર અને વાર્તાલેખન' સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં શ્રી વિજયભાઈ શાસ્ત્રીએ ટૂંકીવાર્તાની સર્જનપ્રક્રિયા વિશે તેમજ ગુજરાતી ટૂંકીવાર્તા સંદર્ભે પ્રવચન આપ્યું હતું. તા. ૨૯ ડિસે.નાં રોજ ઉપર્યુકત ધારાના ઉપક્રમે 'ગુજરાતી પ્રતિભાશોધ' સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં શ્રી હર્ષદભાઈ શાહે ગુજરાતી ભાષાની લાક્ષણિકતાની ચર્ચા કરતાં અંગ્રેજી ભાષાના આક્રમણ સામે માતૃભાષાને ટકાવવાની હાકલ કરી હતી. બંને કાર્યક્રમમાં સુરત જિલ્લા-સ્વર્ણિમ ગુજરાતનાં સંયોજકો શ્રી પ્રિ. ડૉ. અશોકભાઈ દેસાઈ, પ્રિ. ડૉ. કિશોરસિંહ ચાવડા, પ્રિ. જે.એમ. નાયક અને પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. અતિથિ વિશેષશ્રીઓનું પ્રિ. ડૉ. જયોતિબેન નાયકે સન્માન કર્યું હતું. સર્જનાત્મક અભિવ્યકિતધારા'ના ચેરમેન પ્રા. ડૉ. નયનાબેન પટેલે સ્પર્ધા અંગેની માહિતી આપી. બંને કાર્યક્રમોનું સંચાલન પ્રા. હિનાબેન દેસાઈએ કર્યું. સ્પર્ધાના નિર્ણાયકશ્રી તરીકે ઓલપાડ કોલેજના અધ્યાપક ડૉ. જશુભાઈ પટેલ તથા ચીખલી કોલેજના અધ્યાપક રમીલાબેન નાયકે સેવા આપી હતી. આભારવિધિ પ્રા. શૈલેશભાઈ પરમાર અને પ્રા. ગીતાબેન ભટ્ટે કરી. વાર્તાલેખન સ્પર્ધા પ્રથમ : ખત્રી અક્ષય હેમંતભાઈ, (પ્રા. વી.બી. શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી.) દ્વિતીય : ડાભી રાકેશકુમાર એમ. (જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ, અમરોલી.) તૃતીય : મોદી તન્વી એ., (એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત.) ગુજરાતી પ્રતિભાશોધ સ્પર્ધા પ્રથમ : વાઢેર હરેન્દ્ર જે., (નવયુગ આર્ટ્સ કોલેજ, સુરત.) દ્વિતીય : નાકરાણી ભદ્રા આર., (જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.) તૃતીય : મિસ્ત્રી નિલમ કાળીદાસ, (જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.)

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૧૩-૧-૨૦૧૦ન રોજ 'સ્વર્ણિમ ગુજરાત' જ્ઞાનધારા અંતર્ગત 'પુસ્તક સમીક્ષા' સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં કુલ ૧૪ તાલીમાર્થીઓએ વિવિધલક્ષી પુસ્તકો વિશે મૌલિકતાથી સમીક્ષા કરી. સ્પર્ધામાં પ્રથમ : મુનિરાબેન એસ. રાવતે ડૉ. મધુભાઈ કોઠારી લિખિત સેલ્ફ ઈમેજ બનાવો વિશે સમીક્ષા કરી હતી. દ્વિતિય દિપીકાબેન પટેલે ડૉ. ગુણવંત શાહ લિખિત ભગવાનની ટપાલ અને તૃતિય ગીતાબેન જે. પાડલિયાએ ડૉ. જિતેન્દ્ર અઢિયા લિખિત સ્નેહનું ઝરણું પુસ્તક વિશે સમીક્ષા કરી હતી. વિજેતા સ્પર્ધકોને પારિતોષિક એનાયત થયા હતા.

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સ્વામી વિવેકાનંદની ૧૪૮મી જન્મજયંતી નિમિત્તે તા. ૧૨-૧-૧૦ના રોજ આચાર્યશ્રી ડૉ. યુ. ટી. દેસાઈના પ્રોત્સાહનથી ૧. સ્વામી વિવેકાનંદ અને આજના યુવાનો, ૨. શિકાગો અને વિશ્વધર્મ પરિષદ, ૩. શા માટે ભારત હજીએ જીવે છે ?, ૪. ભારત વિશ્વવિજયી કેવી રીતે બની શકે., ૫. સ્વામી વિવેકાનંદનું ભારત અને વિશ્વને પ્રદાન જેવા વિષયો પર નિબંધ સ્પર્ધા યોજાઈ ગઈ. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ તથા પ્રા. ડી.જે. વસાવડાના હસ્ત સ્વર્ણિમ ગુજરાતના સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. પરિણામ : પ્રથમ : દિપક વી. પરમાર, દ્વિતીય : કુ. નલીમ એમ. રાણા, તૃતીય : કુ. જીજ્ઞાસા કે. પટેલ.

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં 'મને ગમતું પુસ્તક' પ્રોજેકટ અને લાયબ્રેર સમિતિ ઉપક્રમે ''વાંચે વલસાડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી'' વિષય ઉપર જેમાં શ્રી મહાદેવભાઈ દેસાઈએ ૧૮૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનિઓને ઓડિયો કોન્ફરન્સ દ્વારા 'વાંચનનનું મહત્વ', 'પુસ્તકોનું મહત્વ' પ્રવચન આપ્યું હતું. તદ્‌પરાંત વ્યકિતત્વ વિકાસની શિબિરમાં શ્રી દિનેશભાઈ પ્રજાપતિ અને સુરેશભાઈ પ્રજાપતિએ સાત ટેવો અને જાગ્રત-અર્ધજાગ્રત મન વિશે વાત કરી હતી. આ શિબિરમાં વલસાડ જિલ્લાની ૧૫ કોલેજોના ૨૧૬ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ અને મેનેજરશ્રીઓ હાજર રહયા હતા.

વી.ટી. ચોકસી કોલેજ, સુરતમાં તારીખ ૨૩-૧૨-૦૯ના રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત 'શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ સહાયક કેટલે અંશે વાજબી' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, પાંડેસરા બી. એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થી દૂધાત મહેશએ વિષયની વિરુદ્ધમાં વિચારો રજુ કરી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો. તદ્‌પરાંત કે. પી. કોમર્સ કોલેજ, સુરતમાં યોજાયેલ 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધામાં સુરતી પ્રિતી બળવંતભાઈએ બીજો ક્રમ મેળવ્યો હતો. અભિનંદન. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એલ.એન.કે. કોલેજ ઓફ એજયુકેશન, પાટણમાં તારીખ ૧૦-૧૨-૦૯ના રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત 'એઈડ્ઝ' વિષય પર ડિજિટલ પાઠ સ્પર્ધાનું રાજય કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી દૂધાત મહેશએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ. અભિનંદન.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન કોલેજોની વ્યાખ્યાનમાળા તા. ૧૧-૦૧-૨૦૧૦ના રોજ જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવા તા. વાલીયા જિ. ભરૂચમાં યેજાઈ ગઈ. તેમાં મુખ્ય વકતા તરીકે જે એન્ડ ઝેડ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના પ્રિન્સિપાલ, સિન્ડીકેટ સભ્ય, ડૉ. કે.એન. ચાવડાએ 'આદર્શ શિક્ષણના લક્ષણો' વિશે વ્યાખ્યાન આપી તાલીમાર્થીઓ અને કોલેજ પરિવારના સભ્યોને જ્ઞાનમય બનાવ્યા હતા. આ વ્યાખ્યામાળામાં નવયુગ કોમર્સ કોલેજ, સુરતના પ્રિ.શ્રી જે. એમ. નાયક શિક્ષણ વિદ્યાલયખાતા ડીન શ્રી ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ, ઉપસ્થિત રહયા હતા. મહેમાનોનું તિલક અને પુષ્પો વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. આવકાર પ્રવચન મંડપના મંત્રીશ્રી માનસિંહ એચ. માંગરોલા તથા સ્વાગત અને પરિચય ઈ.ચા. આચાર્ય શ્રી જે.ડી. પટેલે કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોને સમૃતિચિહન અર્પણ કરવામાં આવ્યાં હતાં.

બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયુટ, નવસારીના યજમાન પદે તા. ૧૮ ડિસેમ્બર ૦૭ના રોજ સ્વર્ણિમ ગુજરાત સર્જનાતક અભિવ્યકિત દ્વારા અંતર્ગત શીઘ્ર કાવ્યલેખન, શીઘ્ર નવલિકાલેખન, શીઘ્ર, નિબંધલેખન તથા પાદપૂર્તિ સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સદર સ્પર્ધાઓ દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન નવસારી-ડાંગ જીલ્લાની વિવિધ કોલેજોના ૫૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પરિણામ : ૧) કાવ્યલેખન : પ્રથમ : પટેલ તન્વી એસ. (શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા), દ્વિતીય : ચૌધરી સોનાબહેન પ્રેમાભાઈ (શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા), તૃતીય : પટેલ સત્યેનકુમાર સુમનભાઈ (એસ.બી. આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ કોલેજ, નવસારી) ૨) નવલિકાલેખન : પ્રથમ : મહેન્દ્રકુમાર આર. પટેલ (સરકારી વિનયન/વાણિજય, વાંસદા),

દ્વિતીય : ભાવેશ એસ. પુરોહિદા (એસ.બી. આર્ટ્સ એન્ડ પી.કે. પેલ કોલેજ ઓફ કોમર્સ કોલેજ, નવસારી), તૃતીય : શોભના ટી. યાદવ (બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી) ૩) નિબંધલેખન - પ્રથમ પ્રિયંકા એન. પટેલ (શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા), દ્વિતીય : અંજના એ. ગામીત (સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદા), તૃતીય : કેયુરી એન. પ્રજાપતિ (નારણલાલા કોલેજ, નવસારી) ૪) પાદપૂર્તિ : પ્રથમ : શાહ પૂજા શીરીલભાઈ (નારણલાલા કોલેજ, નવસારી), દ્વિતીય : વઘાસિયા હિતેશકુમાર ઘનશ્યામભાઈ (એસ.એસ. અગ્રવાલ કોલેજ, નવસારી), તૃતીય : સુથાર ઘનશ્યામ મોહનભાઈ (બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી.)

સ્વર્ણિમ ગુજરાતની ઊજવણી પ્રસંગે નવયુગ કોમર્સ કોલેજ, સુરત, સ્ટુડન્ટ કાઉન્સિલના ઉપક્રમે પર્સનાલીટી ડેવલપમેંટ વર્કશોપનું આયોજન તા. ૨૦-૧૨-૨૦૦૯ ના રોજ થયું હતું. જેમાં ૧૫૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. વર્કશોપની શરૂઆતમાં સ્ટુડન્ટ કાઉન્સિલના ચેરમેન પ્રો.બી.જી.વશીએ વર્કશોપનું મહત્વ સમજાવી ડૉ. પ્રો. અશ્વિનભાઈ દેસાઈ તથા રીલાયન્સ કંપનીના પૂર્વ ટ્રેનર શ્રી મનોજ દેસાઈનો પરિચય આપી સ્વાગત કર્યું હતું.

ડૉ. અશ્વિનભાઈએ યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. પરીક્ષાની વિગતવાર સમજ આપી હતી. પ્રિ. જે. એમ. નાયકે આ આયોજન માટે વિદ્યાર્થીઓ અને તજજ્ઞોને બિરદાવ્યા હતા.

અભિનવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ, સુરત દ્વારા સ્વર્ણિમ ગુજરાતના સમુદાય સેવાધારા અંતર્ગત સુરત હેલ્થકેર ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત બ્લડબેંકના સહયોગથી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે તા. ૧૨-૦૧-૨૦૧૦ના રોજ કોલેજ ખાતે "રકતદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ સ્થાને શહેરના ક્રાઈમ વિભાગના ડેપ્ટયુટી પોલીસ કમિશ્નરશ્રી સુભાષ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા. તેમનું અભિનવ એજયુકેશન ટ્રસ્ટના પરિવારે સ્વાગત કર્યું હતું. ડેપ્ટયુટી પોલીસ કમીશ્નરશ્રી સુભાષ ત્રિવેદીએ યુવાનોાને શિષ્ટનું જીવનમાં શું મહત્વ છે તે સમજાવ્યું હતું અને યુવાનોને સારા કાર્ય કરી સમાજને ઉપયોગી બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રીમતિ સુમતી શિનોઈએ વિદ્યાર્થીઓને રકતદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિરમાં ૭૧ રકત બેગ એકત્રિત થઈ હતી.

# વાચન વિશેષ

## ત્યાગની પરંપરા

લાલ બહાદુર શાસ્ત્રીના મૃત્યુ પછી આપણને ખબર પડી કે અઢાર માસ સુધી ભારતના પ્રધાનમંત્રી પદને શોભાવનાર એ વિભૂતિને ખાતે બેન્કમાં કોઈ રકમ નથી, ઊલટાના એ બેન્કના દેવાદાર છે !

ભારતમાં તો ત્યાગીઓએ જ ઈતિહાસને ભવ્યતા અર્પી છે. બુદ્ધ અને મહાવીર, શંકરાચાર્ય અને નાનકથી ગાંધીજી સુધી અનેકોએ ત્યાગીઓની એક નવી દુનિયા ઊભી કરી દીધી હતી. દેવોને પોતાનાં હાડ ભેટ ધરનાર દધીચિ, કર્ણ, રતિદેવ કે મયૂરધ્વજના ત્યાગમાં કેવી વીરતા હતી ! દર પાંચ વરસે ગરીબોમાં રાજલક્ષ્મી લૂંટાવી દઈને ગરીબ બનવામાં હર્ષવર્ધન ગૌરવ અનુભવતો. દિલ્હીપતિ નાદિરશાહની બેગમની આંગળીઓ રોટલી શેકતાં દાઝી જાય, પણ રાજ-તિજોરીમાં ખર્ચ નાખીને તે રસોયો ન રાખે. મુઘલ સલ્તનતનો આલમગીર 'કુરાન'ની નકલ કરી ને ટોપીઓ સીવી પોતાનું ગુજરાન ચલાવે. એ જ પરંપરામાં લાલ બહાદુર આવે.

મરાઠા યુગના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીનાં પત્નીની થીગડાંવાળી સાડી જોઈ. પેશ્વા માધવરાવની સ્ત્રી તેને સોનેરૂપે મઢી દઈ પાલખીમાં ઘેર પહોંચાડે ત્યારે, ઘરનાં બારણાં બંધ કરી દઈ પત્નીની ઉપેક્ષા કરીને બધુ ધન મહેલમાં પાછું મોકલાવી દેનાર એ રામશાસ્ત્રી જ પછીથી જાહેર દરબારમાં રાઘોબાને ફરમાન કરી શકે કે, "નારાયણરાવના ખૂનનું પ્રાયશ્ચિત્ત દેહાંતદંડ જ હોઈ શકે", અને ન્યાયાસનને લાત મારી શકે.

સ્વેચ્છાએ સ્વીકારેલી આવી ગરીબાઈ એ રાષ્ટ્રની આજની આવશ્યકતા છે. એ પાઠ આવા ગૌરવવંતા પ્રસંગો મારફત આપણી નવી પેઢીને ભણાવીએ. (સાભાર : અરધી સદીની વાચનયાત્રા : 3)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ અથવા **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

मैं जितना जानता हूं उतना बढिया करता हूं – उतना सर्वश्रेष्ठ जितना मैं कर सकता हूं, मैं आखिर तक ऐसा करने की सोचता हूं । यदि आखिर में मैं सही साबित हूं तो मेरे खिलाफ कही गई किसी चीज का कोई मतलब नहीं रहेगा । यदि आखिर में मैं गलत साबित हूं तो दस देवदूत भी शपथ खाएं कि मैं सही था तो उससे कोई अंतर नहीं पडेगा ।

साधारण दिखने वाले लोग दुनिया में सर्वश्रेष्ठ होते है : यही कारण है कि इश्वर ऐसे बहुत से लोग बनाता है ।

अब्राहम लिंकन

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com